ક્રમાંક:જીસીઇઆરટી/કલા ઉત્સવ/2022/૨૧૧૯૪-૨૨૧૦૩
ગુજરાતશૈક્ષણિકસંશોધનઅનેતાલીમપરિષદ
વિદ્યાભવન., સેક્ટર-૧૨, ગાંધીનગર
ફોન.નિયામક:(079) 23256808-39
નિયામક:(079) 23256808
સચિવ:(079) 23256813
ફેક્સ :(079) 23256812
ઇ-મેલ :director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

સત્યમેવ જયતે

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

તા. ૨૭/૭/૨૦૨૨

પ્રતિ,
પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી,તમામ

**વિષયઃ કલા ઉત્સવ હેઠળ "આઝાદી કા અમૃત મહોત્સવ" થીમ આધારિત વિવિધ સ્પર્ધાઓ યોજવા બાબત**

**સંદર્ભઃ ૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જશભ/૧૨૧૬/૧૩૩/ન તા. ૫/૫/૨૦૧૬**
**૨. શાખાની સંગલ ફાઇલ ન ૧૭/૨૦૨૨ પર માન.શિક્ષણમંત્રીશ્રીની મળેલ મંજુરી મુજબ**

સવિનય ઉપર્યુકત સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓ ચિત્રકલા કૌશલ્ય, સાહિત્ય રચનાનું કૌશલ્ય, વાદ્ય વગાડવાનું કૌશલ્ય વગેરે જેવા વિવિધ કૌશલ્યોના વિકાસના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડી શકાય તથા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે માટે **"આઝાદી કા અમૃત મહોત્સવ"કાર્યક્રમ અંતર્ગત "હર ઘર તિરંગા" કાર્યક્રમના** ભાગરૂપે કલા ઉત્સવમાં ચિત્ર સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન)નું આયોજન દરેક જિલ્લામાં શાળા કક્ષાથી શરૂ કરી જિલ્લા કક્ષાએ ડાયેટ, પ્રાચાર્ય, ડીપીઇઓ, શાસનાધિકારી અને ડીઇઓના સંકલનથી કરવાનું થાય છે.

નીચેની સૂચનાઓને અને સામેલ સ્પર્ધાનો સમયગાળાને ધ્યાને લઇ જિલ્લાકક્ષાએથી જરૂરી આયોજન કરવા જણાવવામાં આવે છે.

1) રાજ્યમાં આવેલ તમામ સરકારી, ગ્રાંટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં **આઝાદી કા અમૃત મહોત્સવ"કાર્યક્રમ અંતર્ગત "હર ઘર તિરંગા" કાર્યક્રમના** ભાગરૂપે કલા ઉત્સવમાં વિવિધ સ્પર્ધાઓ જેવીકે ચિત્રકલા, બાલકવિ સંમેલન, સંગીત સંમેલન (ગાયન અને વાદન) નું આયોજન ફરજિયાત કરવાનું રહેશે
2) આ સ્પર્ધા ત્રણ વિભાગમાં યોજવામાં આવશે.
   i. પ્રાથમિક વિભાગ — ધોરણ – ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે
   ii. માધ્યમિક વિભાગ — ધોરણ – ૯ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે
   iii. ઉચ્ચતર માધ્યમિક વિભાગ — ધોરણ – ૧૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે
3) **શાળા કક્ષાની સ્પર્ધા** : સર્વ પ્રથમ શાળા કક્ષાએ કલા ઉત્સવ હેઠળ યોજવાની થતી ચિત્રકળા, બાળકવિ, સંગીત (ગાયન અને વાદન) સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને

તૃતીય ક્રમના સ્પર્ધકને પસંદ કરવાના રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી સી.આર.સી./ ક્યુ.ડી.સી. કક્ષાની સ્પર્ધા માટે મોકલવાનીરહેશે.

4) **ક્લસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાની સ્પર્ધા** : ક્લસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાએ શાળાઓમાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી તાલુકા / એસ.વી.એસ. કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે.

5) **તાલુકા / એસ.વી.એસ. કક્ષાની સ્પર્ધા** : તાલુકા કક્ષાએ ક્લસ્ટર /ક્યુ.ડી.સી.માંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે મોકલવાનું રહેશે. તાલુકા કક્ષાની સ્પર્ધાનું સંકલન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર.સી. કો.ઓ અને એસ.વી.એસ. કન્વીનર સાથે રહી કરશે.

6) **જિલ્લા કક્ષાની સ્પર્ધા** : જિલ્લા કક્ષાએ તાલુકા કક્ષા/એસ.વી.એસ.માંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે. જિલ્લા કક્ષાની સ્પર્ધા ડાયેટ દ્વારા યોજવાની રહેશે.

7) કલા ઉત્સવ હેઠળ યોજવાની થતી ચિત્રકળા, બાળકવિ, સંગીત (ગાયન અને વાદન) સ્પર્ધાઓ માટે સ્પર્ધાદીઠ નીચે મુજબ ઇનામ આપવાના રહેશે.

| ક્રમ | વિગત | પ્રથમ ઇનામ (રૂ.) | દ્વિતીય ઇનામ (રૂ.) | તૃતીય ઇનામ (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | ક્લસ્ટરકક્ષા (ધોરણ૬થી૮) | 300 | 200 | 100 |
| ૨ | ક્યુડીસીકક્ષા (ધોરણ૯થી૧૦) | 300 | 200 | 100 |
| ૩ | ક્યુડીસીકક્ષા (ધોરણ૧૧થી૧૨) | 300 | 200 | 100 |
| ૪ | તાલુકાકક્ષા (ધોરણ૬થી૮) | 500 | 300 | 200 |
| ૫ | એસવીએસકક્ષા (ધોરણ ૯થી ૧૦) | 500 | 300 | 200 |
| ૬ | એસ.વી.એસ.કક્ષા(ધોરણ૧૧થી૧૨) | 500 | 300 | 200 |
| ૭ | જિલ્લાકક્ષા (ધોરણ ૬ થી ૮) | 1000 | 800 | 500 |
| ૮ | જિલ્લાકક્ષા (ધોરણ ૯ થી ૧૦) | 1000 | 800 | 500 |
| ૯ | જિલ્લાકક્ષા (ધોરણ૧૧થી૧૨) | 1000 | 800 | 500 |

8) જિલ્લા કક્ષાથી લઇને સીઆરસી/ક્યુ.ડી.સી. કક્ષા સુધીના ઇનામ વિતરણ માટે ડાયટ મારફતે ગ્રાંટનું વિતરણ કરવાનું રહેશે.

9) દરેક સ્પર્ધાના આયોજન માટે સ્પર્ધાદીઠ નીચે મુજબના ખર્ચની જોગવાઇ કરવાની થશે.

| વિગત | સીઆરસી/ક્યુડીસી | બીઆરસી/એસવીએસ | જિલ્લા |
|---|---|---|---|
| વિવિધ કક્ષાએ નિર્ણાયકના માનદ વેતન | રૂ.100લેખે (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ - બંને વિભાગના મળીને કુલ 3 નિર્ણાયક રાખવા) (કુલ 6 નિર્ણાયક) | રૂ. 200 લેખે (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ - બંને વિભાગના મળીને કુલ 3 નિર્ણાયક રાખવા) (કુલ 6 નિર્ણાયક) | રૂ. 1000લેખે (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ - બંને વિભાગના મળીને કુલ 3 નિર્ણાયક રાખવા) (કુલ 6 નિર્ણાયક) |

| વિગત | સીઆરસી/ક્યુડીસી | બીઆરસી/એસવીએસ | જિલ્લા |
|---|---|---|---|
| રીફ્રેશમેન્ટ,સાહિત્ય અને અન્ય ખર્ચ | આયોજનની ગ્રાન્ટ CRC લેવલે એક શાળાદીઠ રૂ. 65/પ્રમાણે અને QDCદીઠ રૂ. 500/- પ્રમાણે | આયોજનની ગ્રાન્ટ એક CRC દીઠ રૂ.200/- પ્રમાણે અને QDC દીઠ રૂ. 200/- પ્રમાણે | આયોજનની ગ્રાન્ટ એક BRC + એક SVS મા.મિ + એક SVS ઉ.મા.દીઠરૂ. 600/- પ્રમાણે |

10) તમામ ચાર સ્પર્ધાઓ ચિત્ર સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન) માટેનો સમયગાળો નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિભાગ | સ્પર્ધાનો તબક્કો | સમયગાળો |
|---|---|---|---|
| 1 | પ્રાથમિક વિભાગ | શાળા કક્ષાએ | તા.1-8-2022 થી 3-8-2022 દરમિયાન |
| | | સીઆરસી કક્ષાએ | તા.5-8-2022 |
| | | તાલુકા કક્ષાએ | તા. 8-8-2022 |
| | | જિલ્લા કક્ષાએ | તા.15-8-2022 |
| 2 | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ | શાળા કક્ષાએ | તા.1-8-2022 થી 3-8-2022 દરમિયાન |
| | | સીઆરસી કક્ષાએ | તા.5-8-2022 |
| | | તાલુકા કક્ષાએ | તા. 8-8-2022 |
| | | જિલ્લા કક્ષાએ | તા.15-8-2022 |

11) ચાર સ્પર્ધાઓ ચિત્ર સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન) માટેના વિષયો નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિભાગ | સ્પર્ધાનો પ્રકાર | સ્પર્ધાના વિષયો |
|---|---|---|---|
| 1. | ઉચ્ચ પ્રાથમિક(ધોરણ 6 થી 8) | ચિત્ર સ્પર્ધા | રાષ્ટ્રધ્વજનું નિરૂપણ(હર ઘર તિરંગાના પ્રરિપ્રેક્ષમાં) |
| | | | ઐતિહાસિક વ્યક્તિ અંગેનું નિરૂપણ (પાઠ્યક્રમ આધારિત) |
| | | | સ્વાતંત્ર્યદિનની ઉજવણીની ઝલક |
| | | કવિ સંમેલન | "વિજયી વિશ્વ તિરંગા પ્યારા"( હર ઘર તિરંગાના પ્રરિપ્રેક્ષમાં) |
| | | | ઓ મારા પ્યારા વતન |
| | | સંગીત સંમેલન (ગાયન અને વાદન) | મારો રાષ્ટ્રધ્વજ મારૂ અભિમાન (હર ઘર તિરંગાના પ્રરિપ્રેક્ષમાં) |
| | | | માઁ ભારતી |
| 2. | માધ્યમિક વિભાગ (ધોરણ 9 થી 10) | ચિત્ર સ્પર્ધા | રાષ્ટ્રધ્વજ નિર્માણની ઐતિહાસિક ઘટનાનું નિરૂપણ (હર ઘર તિરંગાના પ્રરિપ્રેક્ષમાં) |

| ક્રમ | વિભાગ | સ્પર્ધાનો પ્રકાર | સ્પર્ધાના વિષયો |
|---|---|---|---|
| | | | |
| | | | નૂતન ભારત મારી નજરે |
| | | | ઐતિહાસિક પ્રસંગનું નિરૂપણ (પાઠ્યક્રમ આધારિત) |
| | | કવિ સંમેલન | મારો વહાલો તિરંગો (હર ઘર તિરંગાના પ્રરિપ્રેક્ષમાં) |
| | | | બલિદાન થકી આઝાદી |
| | | સંગીત સંમેલન (ગાયન અને વાદન) | ઝંડા ઉચા રહે (હર ઘર તિરંગાના પ્રરિપ્રેક્ષમાં) |
| | | | વિશ્વગુરુ ભારત |
| 3. | ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ (ધોરણ 11 થી 12) | ચિત્ર સ્પર્ધા | રાષ્ટ્રધ્વજ મારૂ અભિમાન (હર ઘર તિરંગાના પ્રરિપ્રેક્ષમાં) |
| | | | આઝાદી કા અમૃત મહોત્સવની ઝાંખી |
| | | | ગુજરાતમાં થયેલ ઐતિહાસિક પ્રસંગોની ઝાંખી |
| | | કવિ સંમેલન | રાષ્ટ્રધ્વજ થકી રાષ્ટ્ર પ્રેમ (હર ઘર તિરંગાના પ્રરિપ્રેક્ષમાં) |
| | | | મારૂ સ્વપ્ન મારૂ ભારત |
| | | સંગીત સંમેલન (ગાયન અને વાદન) | હર ઘર તિરંગા (હર ઘર તિરંગાના પ્રરિપ્રેક્ષમાં) |
| | | | એક ભારત શ્રેષ્ઠ ભારત |

**મુદા નં 11માં આપેલ કોષ્ટક મુજબની સૂચના**

| સ્પર્ધા | ઉચ્ચ પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
|---|---|---|---|
| ચિત્ર | ઉક્ત વિભાગવાર આપેલ વિષયો મુજબ ચિત્ર દોરવાનું રહેશે. | | |
| બાળકવિ-સંમેલન | ઉક્ત વિભાગવાર આપેલ વિષયો મુજબ કાવ્યની રચના કરવાની રહેશે. | | |
| સંગીત સંમેલન-ગાયન | ઉક્ત વિભાગવાર આપેલ વિષયો મુજબ ગાન કરવાનું રહેશે. | | |
| સંગીત સંમેલન - વાદન | લોકવાદ્યો<br>(એકતારો, રાવણહથ્થો, મોરચંગ, પાવો- (જોડિયા પાવા), ઢોલ, શરણાઇ અને તબલા, ઢોલક હાર્મોનિયમ<br><br>(ઉપરના પૈકી કોઇપણ એક) | લોકવાદ્યો<br>(એકતારો, રાવણહથ્થો, મોરચંગ, પાવો-(જોડિયા પાવા), ઢોલ, શરણાઇ અને તબલા, ઢોલક હાર્મોનિયમ<br><br>(ઉપરના પૈકી કોઇપણ એક) | શાસ્ત્રીય વાદ્યો<br>તબલા, હાર્મોનિયમ, સીતાર, વાયોલીન, ફ્લૂયટ, સારંગી અને વેસ્ટર્ન વાદ્યો<br><br>(ઉપરના પૈકી કોઇપણ એક) |

12) સ્પર્ધાના આયોજન માટે જીસીઇઆરટી દ્વારા આપવામાં આવેલ સમય આયોજનનું ચુસ્તરીતે પાલન કરવાનું રહેશે.

13) આ ઉપરાંત તમામ ચાર સ્પર્ધાઓ માટે પ્રત્યેક તબક્કે મૂલ્યાંકન સમિતિની રચના કરવાની રહેશે. મૂલ્યાંકન સમિતિના સભ્યોની પસંદગી માટે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

| કક્ષા | ધોરણ ૬ થી ૧૨ |
|---|---|
| તજજ્ઞોની પસંદગીના ધોરણો | ચિત્ર સ્પર્ધા માટે- ચિત્ર જાણકાર શિક્ષક /નિવૃત્ત શિક્ષક કે આ સબંધી અન્ય જાણકાર વ્યકિત / તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા ચિત્રકારની પસંદગી કરવાની રહેશે.<br>કવિ સ્પર્ધા માટે- સાહિત્યના જાણકાર શિક્ષક/નિવૃત્ત શિક્ષક કે આ સબંધી અન્ય જાણકાર વ્યકિત / તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા સાહિત્યકાર/કવિની પસંદગી કરવાની રહેશે.<br>સંગીત સ્પર્ધા માટે- સંગીત (ગાયન અને વાદન) ના જાણકાર શિક્ષક/નિવૃત્ત શિક્ષક કે આ સબંધી અન્ય જાણકાર વ્યકિત/ તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા ગાયક અને વાદકની પસંદગી કરવાની રહેશે. વ્યકિતનો સમાવેશ કરવાનો રહેશે. |
| શાળા કક્ષાએ | શાળા આચાર્ય નક્કી કરશે. |
| કલસ્ટર/ક્યુ.ડી.સી. કક્ષાએ | પ્રાથમિક વિભાગ માટે તજજ્ઞો સી.આર.સી.કો.ઓ તેમજ માધ્યમિક વિભાગ માટે ક્યુ.ડી.સી. કો-ઓર્ડીનેટર નક્કી કરશે. |
| તાલુકા કક્ષાએ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, અને બી.આર.સી. કો.ઓ. સાથે મળી નક્કી કરશે. |
| જિલ્લા કક્ષાએ | ડાયેટ પ્રચાર્ય, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી સાથે મળી નક્કી કરશે. |

14) તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રીઓએ આ સ્પર્ધાઓને સફળ બનાવવા જિલ્લા કક્ષાએ કરવાની થતી કામગીરી પરસ્પર સંકલનમાં રહીને કરવાની રહેશે.

<u>નીચેની સૂચનાઓ, નિયમો અને ગુણાંકન મુજબ જિલ્લા કક્ષાએથી ડાયેટ પ્રાચાર્યશ્રી, ડીઇઓશ્રી, ડીપીઇઓશ્રી, અને શાસનાધિકારીશ્રીના સંકલનથી કામગીરી હાથ ધરવાની રહેશે.</u>

<u>સામાન્ય સૂચનાઓ:</u>

1. કલા ઉત્સવ હેઠળ યોજાનાર વિવિધ સ્પર્ધામાં સરકારી, ગ્રાન્ટેડ, અને ખાનગી શાળા, આદર્શ નિવાસી શાળા, આશ્રમશાળા, કે.જી.બી.વી. વગેરે શાળાના ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.
2. શાળા કક્ષાએથી લઇને સી.આર.સી/ક્યુ.ડી.સી. કક્ષાએ, બી.આર.સી./એસ.વી.એસ. કક્ષાએ, જિલ્લા કક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યાનું પત્રક નિભાવવાનું રહેશે.
3. કોઇપણ સ્પર્ધક એક સાથે બે સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહી

4. કલા ઉત્સવનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલ વિશિષ્ટ કૌશલ્યોની ઓળખ અને તેની પ્રતિભા વિકસાવવાનો છે. વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા કરાવવાનો ઇરાદો નથી. સ્પર્ધાની જુદા જુદા ક્ષેત્રમાં વહેંચણી થયેલ હોઇ ( શાળા, સી.આર.સી, તાલુકા, જિલ્લા, રાજય) આગળના તબક્કામાં સ્પર્ધકને મોકલી આપવા પુરતું વિદ્યાર્થીને ક્રમ આપવામાં આવે છે. આ પ્રક્રિયા દરમિયાન સ્પર્ધા અને આયોજનના સુચારું સંચાલન માટે આયોજકનો નિર્ણય આખરી ગણાશે અને તે દરેક સ્પર્ધકને બંધનકર્તા રહેશે.

(૧) ચિત્ર સ્પર્ધા

જરૂરી સૂચનાઓ

1. સ્પર્ધાનો સમયગાળો ૨ કલાકનો રહેશે.
2. આપેલ વિષયને અનુરૂપ ચિત્ર કાર્યક્રમના સ્થળે જ દોરવાનું રહેશે.
3. સ્પર્ધા માટે કાગળ 12" X 18" પ્રમાણે દરેક સ્પર્ધકોને આયોજક તરફથી આપવામાં આવશે. કાગળ સિવાયની ચિત્ર માટેની અન્ય સાધન સામગ્રી સ્પર્ધકે જાતે લાવવાની રહેશે.
4. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

ગુણાંકન પત્રક

| કમ્પોઝીશન | કલર સ્કીમ | ટેક્નીક | વસ્તુલક્ષી નિરૂપણ | ચિત્ર અને આકારમાં સપ્રમાણતા | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૧૦૦ |

(૨) બાળકવિ સ્પર્ધા

જરૂરી સૂચનાઓ

1) સ્પર્ધાનો સમયગાળો ૧ કલાકનો રહેશે. આ સ્પર્ધામાં સ્પર્ધક મનપસંદ કવિતા રચી શકશે.
2) આ કવિતા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં સ્થળ પર રચવાની રહેશે તેમજ તેને નિર્ણાયક સમક્ષ રજૂ કરવાની રહેશે.
3) દરેક સ્પર્ધકને કવિતા રજૂ કરવા માટે મહત્તમ ૭ મિનિટનો સમય આપવામાં આવશે.
4) સ્પર્ધકને કોલ આપ્યા બાદ ૨ મિનિટમાં રજૂઆત માટે ઉપસ્થિત થશે નહીં તો તે સ્પર્ધા માટે ગેરલાયક ઠરશે જે અંગેનો આયોજકોનો નિર્ણય આખરી ગણાશે.
5) સ્પર્ધા માટે A4 Size ના કાગળ દરેક સ્પર્ધકોને આયોજક તરફથી આપવામાં આવશે. કાગળ સિવાયની અન્ય સાધન સામગ્રી સ્પર્ધકે જાતે લાવવાની રહેશે.
6) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

ગુણાંકન પત્રક

| છંદ વગેરે (જો હોય તો) | વિચારોની મૌલિકતા અને તેનું આયોજન | કલ્પના, ઉર્મિ, અલંકાર વગેરે | રજૂઆતની શૈલી | સમગ્ર છાપ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૫ | ૨૦ | ૨૦ | ૧૫ | ૩૦ | ૧૦૦ |

## (૩) સંગીત ગાયન સ્પર્ધા

### જરૂરી સૂચનાઓ

1) દરેક સ્પર્ધકને વિષય આધારિત ગાયકી રજૂ કરવા માટે ૫ મિનિટનો સમય આપવામાં આવશે.
2) સ્પર્ધકે વાંજિત્ર વગાડનારની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
3) ગાયકી સમયે સ્પર્ધકની વેશભૂષાને ધ્યાને લેવામાં આવશે નહીં.
4) સ્પર્ધા દરમ્યાન સ્પર્ધક પ્રિ- રેકોડેડ મ્યુઝીકનો ઉપયોગ કરી શકશે નહીં.
5) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

### ગુણાંકન પત્રક

| ગાવાની શૈલી અને સૂરીલાપણું | ભાવ લઢણ | તાલ લઢણ | અવાજની ગુણવત્તા | સમગ્ર છાપ | કુલ |
|---|---|---|---|---|---|
| ૪૫ | ૧૦ | ૧૦ | ૦૫ | ૩૦ | ૧૦૦ |

## (૪) સંગીત વાદન સ્પર્ધા

### જરૂરી સૂચનાઓ

1) સ્પર્ધકે લોકવાદ્યો/શાસ્ત્રીય વાદ્યોના ઉપયોગથી રજૂઆત કરવાની રહેશે જે માટે સ્પર્ધકને ૫ મિનિટનો સમય આપવામાં આવશે.
2) પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં આપેલ સંગીતના વાદ્યો પૈકી કોઇપણ એકની સ્પર્ધકે રજૂઆત કરવાની રહેશે.
3) વાદનના પ્રકારમાં સંગીતની શૈલી, સૂર-તાલ અને ઢાળ જળવાય રહે તે આવશ્યક છે.
4) સ્પર્ધકે વગાડવાના વાદ્યો સાથે લાવવાના રહેશે આયોજક દ્વારા તે પૂરા પાડવામાં આવશે નહી.
5) કોલ આપ્યા બાદ ૨ મિનિટમાં રજૂઆત માટે સ્પર્ધક ઉપસ્થિત થશે નહી તો તે સ્પર્ધા માટે ગેરલાયક ઠરશે જે અંગેનો આયોજકોનો નિર્ણય આખરી ગણાશે.
6) વાદન સ્પર્ધામાં વિવિધ વાદ્યો વગાડનાર સ્પર્ધકોમાંથી નિણાર્યકે ત્રણ શ્રેષ્ઠ વાદકને પસંદગી ક્રમ આપવાનો રહેશે.
7) લોકવાદ્યોની રજૂઆતમાં વેશભૂષાને ધ્યાને લેવામાં આવશે નહીં.
8) દરેક સ્પર્ધક વાંજિત્રોની ગોઠવણી માટે સહાયક લઇ શકાશે જે માટે ૫ મિનિટનો સમય આપવામાં આવશે આ સમયને વ્યવસ્થાના સમય તરીકે ગણવાનો રહેશે.
9) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

### ગુણાંકન પત્રક

| રાગ / તાલ ની પસંદગી | વાજિંત્ર પર પ્રભુત્વ | સ્વર / સુરીલાપણું / લય | સમગ્ર છાપ | કુલ |
|---|---|---|---|---|
| ૨૦ | ૨૦ | ૩૦ | ૩૦ | ૧૦૦ |

15) ઉક્ત સમયગાળા દરમિયાન દરેક શાળામાં મહત્તમ વૃક્ષો વવાય તેવું આયોજન કરવુ. સીઆરસી/ ક્યુડીસી, બીઆરસી/એસવીએસ. અને જિલ્લા કક્ષાએ જે વિદ્યાર્થી ભાગ લે તે દરેક એક છોડ વાવે તેવુ આયોજન કરવુ તેમજ "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત દરેક સ્કુલ જે ગામ કે શહેર કે શેરી કે વાડીમાં છે તે દરેક ઘર ખાતે તા.13/8/2022 થી 15/8/22 દરમિયાન 75માં વર્ષની ઉજવણીના ભાગરૂપે દરેક ઘર ઉપર તે નિયત કરેલ દિવસો દરમિયાન તિરંગા ફરકાવી તેનું અભિવાદન કરીએ.

| | | |
|---|---|---|
| નિયામક<br>જીસીઇઆરટી<br>ગાંધીનગર | નિયામક<br>પ્રાથમિક શિક્ષણ<br>ગાંધીનગર | કમિશ્નર<br>કમિશ્નર શાળાઓની કચેરી<br>ગાંધીનગર |

**નકલ સવિનય રવાના**

- અગ્ર સચિવશ્રી (શિક્ષણ), બ્લોક-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- કમીશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૧૦, જુના સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨/૧, જુના સચિવાલય, ગાંધીનગર
- અધ્યક્ષ, માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર